## ૧૦૦૦ બુથ ઉપર વિવિધ કાર્યક્રમોનું આયોજન

# અરવલ્લી ભાજપ-સેવા અને સમર્પણ અભિયાન માટે સજ્જ બન્યું

**દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ તા.૧૭ સપ્ટેમ્બરથી તા.૭ ઓક્ટોબર-૨૦૨૧ સુધી અનેક કાર્યક્રમોના આયોજન : ૧૫,૦૦૦ પોસ્ટકાર્ડ લખાશે**





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧ અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશના વડાપ્રધાન, ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદીના જન્મ દિવસ તા.૧૭ સપ્ટેમ્બરથી તા.૭ ઓક્ટોબર-૨૦૨૧ દરમ્યાન સળંગ ૨૧ દિવસ સુધી સેવા અને સમર્પણ અભિયાન હેઠળ જિલ્લાના ૧૦૫૮ બુથ ઉપર અનેક કાર્યક્રમોનું આયોજન થયું છે અને આ માટે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલના માર્ગદર્શન હેઠળ તમામ બુથ સ્તરે સુધીની સંકલન ટીમો તૈયાર કરવામાં આવી છે.

દેશના વડાપ્રધાનનો જન્મ દિવસ નજીક આવતાં જિલ્લા ભાજપ સંગઠન દ્વારા વિવિધ કાર્યક્રમોનાં આયોજન થયાં છે. તા.૧૦ સપ્ટેમ્બરે મોડાસા ખાતે ભાજપ કાર્યાલયમાં યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલ, સંગઠન મહામંત્રી હસમુખભાઈ પટેલ, ભીખાજી ઠાકોર વગેરેએ સેવા અને સમર્પણ અભિયાન માટે જિલ્લા ઈન્ચાર્જ અને સહઈન્ચાર્જ તેમજ વિવિધ વિભાગના ઈન્ચાર્જોની કામગીરી કાર્યકર્તાઓને સોંપવામાં આવી હતી જેમાં તા.૨૫-૨૬ સપ્ટેમ્બરે પંડીત દિનદયાલ ઉપાધ્યાય જન્મ દિન નિમિત્તે બુથ સ્તરે ૧૦૦ પોસ્ટકાર્ડ લખવા, નમો એપ અને સેવા કાર્ય સંકલ્પ અંગે જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ તા.૧૭ સપ્ટેમ્બરે જિલ્લા તેમજ તમામ ૮ મંડલ કક્ષાએ નદી, તળાવ સફાઈ, વૃક્ષારોપણ, રક્તદાન, મેડીકલ કેમ્પ, રસીકરણ વગેરેના આયોજન કરાયા છે. તા.૨ ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન, ખાદી ખરીદી, સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ, સ્વાવલંબી નાના કારીગરોને પ્રોત્સાહીત કરવાના આયોજન પણ કરવામાં આવશે. તા.૧૭ સપ્ટેમ્બર થી ૭ ઓક્ટોબર દરમ્યાન થનારા તમામ કાર્યક્રમોનું બુથ લેવલથી યોગ્ય મોનિટરીંગ થાય, વધુ ને વધુ લોકો તેમાં સામેલ થાય તે જોવા માટે જવાબદાર કાર્યકરોને અનુરોધ કરાયો હતો. વડાપ્રધાનના જન્મ દિન નિમિત્તે જિલ્લામાંથી ૧૫,૦૦૦ પોસ્ટકાર્ડ લખવાનો નિર્ધાર કરાયો છે અને તે માટે જિલ્લા સંગઠન ઉપપ્રમુખે પોસ્ટકાર્ડનું યોગદાન આપવાની જાહેરાત કરી હતી. બેઠકમાં બુથ સ્તરે થનારા કાર્યક્રમો, પર્યાવરણ-સ્વાસ્થ્ય, સેવાકીય કાર્યક્રમો અંગે ઈન્ચાર્જોને અલગથી જવાબદારી સોંપવામાં આવી હતી.

### કાર્યકર્તા ભાજપની સાચી મૂડી, કોઈને અન્યાય નહીં થાય : સંગઠન પ્રમુખ

બાયડ : અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલે સેવા અને સમર્પણ અભિયાન અંતર્ગત ગણેશ ચતુર્થીના દિવસે યોજાયેલી જિલ્લા બેઠકમાં જણાવ્યું હતું કે સંગઠન પ્રમુખ બન્યા પછી મેં અનેક કષ્ટ વેઠ્યા છે પરંતુ સત્ય હોવાથી દરેક કષ્ટમાંથી બહાર આવ્યો છું. મારા કાર્યકરબંધુઓને આવા કોઈ કષ્ટ વેઠવા ન પડે તે માટે વિઘ્નહર્તા દેવને પ્રાર્થના કરૂ છું તેમ જણાવી કાર્યકર્તા ભાજપની સાચી મૂડી છે અને હું કોઈને પણ અન્યાય નહીં થવા દઉં તેમ જણાવ્યું હતું.

### આનંદો : અરવલ્લી નવા ભાજપ કાર્યાલયનું દેવદિવાળી પહેલાં લોકાર્પણ

બાયડ : અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલે જણાવ્યું કે અરવલ્લી જિલ્લા કમલમ્ ભાજપ કાર્યાલયનું નિર્માણ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. ૩ માળની ઈમારત પ્રમુખ-૩ સંગઠન મહામંત્રી તેમજ વિવિધ મોરચાના પ્રમુખો માટે ચેમ્બર બનાવવામાં આવી છે. ૩૫૦ કાર્યકરો એક સાથે બેસી શકે તેટલો વિશાળ હોલ અને ૫૦ ડેલીગેટ્સ સાથે મીટીંગ કરી શકાય તેવા કક્ષનું નિર્માણ કરાયું છે. દરેક મંડલ સ્તરેથી અરવલ્લી-કમલમના નિર્માણ માટે સહયોગ મળે તેવી અપીલ કરી હતી અને આ માટે દરેક મંડલ સ્તરે સંગઠન હોદ્દેદારો પ્રવાસ કરશે તેમ જણાવી આગામી લાભપાંચમ થી દેવદિવાળી સુધીમાં અરવલ્લી ભાજપ કમલમનું લોકાર્પણ કરશે થશે તેમ રણકા સાથે જણાવ્યું હતું.

## સાબરડેરી દ્વારા ભિલોડા તાલુકાના કોરોનાથી મૃત્યુ પામેલા દૂધ મંડળીઓના સેક્રેટરીઓના વારસદારોને સહાય


### રૂ.૫૦-૫૦ હજાર રૂપિયાના ચેક અર્પણ કરાયા

ભિલોડા તા.૧૧

સાબરડેરી દ્વારા અરવલ્લી જિલ્લા ના ભિલોડા તાલુકાની મોટી બેબાર, કરણપુર, દંતોડ અને મેરાવાડા દૂધ મંડળીયો ના સેક્રેટરીઓ કોરોના મહામારી માં દુઃખદ અવસાન પામેલા ના વારસદારો ને શામળાજી શીતકેન્દ્ર એમ પી ઓ વિભાગ ની ઓફિસમાં ભિલોડા તાલુકાના સેક્રેટરીઓ અને વારસદારો ની હાજરી માં ભિલોડા વિભાગ ના સાબરડેરી ના ડિરેકટર જેસિંગભાઈ પટેલ એમ પી ઓ ઈન્ચાર્જ હેમંતભાઈ પટેલ અને શીતકેન્દ્ર ઈન્ચાર્જ મહેન્દ્રભાઈ પી પટેલ ના હસ્તે એક વ્યક્તિ ને પચાસ હજાર રૂપિયા નો ચેક કુલ ચાર સેક્રેટરીઓ ને કુલ બે લાખ રૂપિયા ના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા જેમા મોટીબેબાર દુધ મંડળી ના સેક્રેટરી સ્વ કોદરભાઈ વણકર કરણપુર દુધ મંડળી ના સેક્રેટરી સ્વ પુજાભાઈ પાન્ડોર દંતોડ દુધ મંડળી ના જીવાભાઈ પટેલ અને મેરાવાડા દુધ મંડળી ના ટેસ્ટર સ્વ પ્રકાશભાઈ પાન્ડોર આમ ચાર દુધ મંડળી ઓ ના મૃતક સેક્રેટરી ઓ ના વારસદારો ને સહાય ના ચેક અર્પણ કરવામાં આવ્યા આમ ખેડૂતો અને પશુપાલકો ની સંસ્થાએ મૃતકો ને ચેક અર્પણ કરી સરાહનીય અને પ્રસંશનીય કાર્ય કરતા પશુપાલકો એ બિરદાવી હતું આ પ્રસંગએ મોટી સંખ્યામાં સેક્રેટરીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## પ્રાંતિજ ખાતે જૈન શ્વેતાંબર સમાજ દ્વારા પર્યુષણ પર્વનું રંગે ચંગે સમાપન : તપસ્વીએ પારણા કર્યા


પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘ તેમજ સ્થાનકવાસી જૈન સમાજ ના લોકો એ પર્યુષણ મહા પર્વ નું હર્ષોલ્લાસ ભેર સમાપન કર્યુ હતું અને તપસ્વીએ પારણા કરીને પર્વ અંતર્ગત કરેલ તપ આરાધના પૂર્ણ કરી હતી અને સૌને મીચ્છામી દુકકડમ પાઠવ્યા હતા. પ્રાંતિજ ખાતે જૈન શ્વેતાંબર સમાજ ના ભાઈ -બહેનો દ્વારા પારણા બાદ તપસ્વી નો વાજતેગાજતે ઢોલનગારાં સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતીજેમાં તપસ્વી રમેશ કુમાર ડાહ્યાલાલ ભાવસાર તેમજ તેમના ધર્મ પત્ની તરલીકાબેન ભાવસારે સિધ્ધી તપની કઠોર તપશ્ચર્યા કરી હતી જયારે પ્રિયંકાબેન કુણાલ કુમાર ભાવસારે અઢ્ઢાઈ તપની આરાધના કરી ને સમાજ ના લોકોને પ્રેરિત કર્યા હતા તો પર્યુષણ ના અંતિમ દિવસે એટલેકે ભાદરવા સુદ પાંચમ ના દિવસે કાર ની સજાવટ કરી કાર માં બેસાડીને લાલ દરવાજા થી શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં અહિંસા પરમોધર્મ અને શ્રમાપના ના માર્ગ ઉપર ચાલનાર જૈન સમાજના લોકો પર્યુષણ પર્વ નિમિત્તે ભકિત ભાવનામાં તરબોળ બનીગયા હતાં અને જૈનસમાજના પ્રમુખ સહિત સમાજ ના ભાઈ બહેનો સહિત સગાસંબંધીઓ મોટી સંખ્યામાં શોભાયાત્રા માં જોડાયા હતાં.

**જન્મદિને વધામણી**



પ્રિન્સ હાર્દિકકુમાર દરજી
સાઠંબા, તા.બાયડ



યોમ યોગેશભાઈ શાહ
(૨૪, સહજાનંદ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

**રક્તદાન મહાદાન**


## બાયડની વલ્લભનગર સોસાયટીમાં ગણપતિ ઉત્સવનો આસ્થા સાથે પ્રારંભ

**વાજતે ગાજતે શોભાયાત્રા પછી મૂર્તિ સ્થાપન, ગણેશ ભક્તો હરખાયા**




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

બાયડની વલ્લભનગર સોસાયટીમાં ગણપતિ ઉત્સવનો આસ્થા સાથે પ્રારંભ થયો. ઢોલ-નગારાના તાલે શોભાયાત્રા પછી શુભ મુહર્તમાં વિદ્યાન બ્રાહ્મણની ઉપસ્થિતિમાં મૂર્તિ સ્થાપન અને ત્યારબાદ આરતી થતાં ગણેશ ભકતો હરખાયા હતા. બાયડના અનેક વિસ્તારોમાં આસ્થા સાથે ગણપતિ ઉત્સવનો પ્રારંભ થયો છે. કોરોનાના ખપ્પરમાં બાયડે અનેક યુવાઓ અને પ્રતિષ્ઠિત વેપારીઓ ગુમાવ્યા છે. કોરોના દુશ્મનને પણ ન થાય તેવી પ્રાર્થનાઓ સાંભળવા મળે છે. ભક્તિભાવ સાથે ગત રોજથી ગણપતિ મહોત્સવ શરૂ થયો ત્યારે દિવંગત આત્માઓને અનેક ગણેશ યુવક મંડળો દ્વારા શ્રદ્ધાંજલિ આપી પર્વની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. વલ્લભનગર સોસાયટીના યુવાનો દિપ શાહ, પાર્થ પટેલ વગેરેએ ગણપતિ ઉત્સવ યોજવાનો નિર્ણય કરી વોટરપ્રૂફ મંડપ તૈયાર કર્યો. શુભ મુહર્તમાં વિદ્યાન બ્રાહ્મણ દ્વારા યજમાનોની ઉપસ્થિતિમાં બાપ્પા મોરીયા..રે ના નાદ સાથે મૂર્તિ સ્થાપન થયું અને ત્યાર પછી સમગ્ર સોસાયટી વિસ્તાર ગણેશમય બની ગયો. શોભાયાત્રા દરમ્યાન વાતાવરણ વધુ ભક્તિસભર બની ગયું હતું.



ભાદરવા માસ દરમ્યાન સાર્વત્રિક મેધમહેર અને વરસાદી માહોલ સર્જાતા અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શેર ગામ સુનસર પાસે ધરતી માતાના મંદિર સામે કુદરતી ધોધ વહેતો થયો છે. કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. અંતરિયાળ ડુંગરાળ ગ્રામીણ વિસ્તારોમાં ઝરણાં ખલ ખલ વહેતા થયા છે.અરવલ્લીની ગીરીમાળાઓમાં ચારે તરફ લીલોતરી જ લીલોતરી લીલોતરી જોવા મળે છે.મીની કાશ્મીર સમા આહલાદક દ્રશ્યો ઠેર ઠેર જોવા મળે છે.

## ધાનેરા તાલુકા પંચાયતની જર્જરિત કચેરીમાં પોપડા ખરી પડતાં એક અરજદાર ઘાયલ

પાલનપુર,તા. ૧૧

ધાનેરાની જર્જરિત તાલુકા પંચાયતમાં સોમવારે બપોરે મદદનીશ તાલુકા વિકાસ અધિકારીની ચેમ્બરની સામેના રૂમના ભાગે અચાનક છતના પોપડા પડતાં નીચે બેઠેલા એક અરજદારને માથામાં પોપડું વાગ્યું હતું. જેથી તેને ૧૦૮ મારફત સરકારી દવાખાને ખસેડાયો હતો.

તાલુકા પંચાયત કચેરી છેલ્લા પાંચ વર્ષથી ખંડેર બની જવા પામી છે અને ચોમાસામાં છત ઉપરથી પાણી ટપકવાથી કચેરીમાં ક્યાંય બેસવું પણ મુશ્કેલ બન્યું છે. તેમજ કચેરીમાં પડેલા રેકર્ડ પણ પાણીમાં પલળી જતા હોય છે. અવાર-નવાર છતના પોપડા પણ પડતા હોય છે. પરંતુ આ નવિન કચેરી બનાવવા બાબતે સરકાર દ્વારા કોઈજ તજવીજ કરવામાં આવતી નથી.

આ સિવાય પણ અન્ય વિભાગની રૂમોમાં પાણી ટપકતા હોવાથી કર્મચારીઓને બેસવું પણ મુશ્કેલ બન્યુ છે. આ અંગે મદદનીશ તાલુકા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે 'આ બાબતે અમોએ ઉપરી કચેરી ખાતે પણ અવાર-નવાર રીપોર્ટ કરેલા છે અને ગત વર્ષે તાલુકા વિકાસ અધિકારી દ્વારા આખા બિલ્ડીંગના ધાબા ઉપર તાડપત્રી નાંખવામાં આવતા પાણીની સમસ્યા બંધ થવા પામી હતી અને ફરી આ સમસ્યા ઉભી થવા પામી છે.હ્ર સરકાર દ્વારા ધાનેરા તાલુકાને અન્યાય કરવામાં આવી રહ્યો છે તેમ મનજીભાઈ પટેલે જણાવ્યું હતુ.

### જેસંગપુરા આંગણવાડી ખાતે પોષણ માસની ઉજવણી

પ્રાંતિજ તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના જેસંગપુરા આંગણવાડી ખાતે પોષણ માસની ઉજવણી કરવામા આવી હતી. સપ્ટેમ્બર માસ પોષણ અભિયાનની ઉજવણી અંતર્ગત પ્રાંતિજ ના અર્બન વિસ્તાર મા આવેલ જેસંપુરા આંગણવાડી કેન્દ્ર ૨૯ ખાતે પોષણ માસની ઉજવણી કરવામા આવી હતી જેમા સુપરવાઈઝર મીનાક્ષી બેન, આંગણવાડી કાર્યકર હિનાબેન રાવલ, તેડાગર બહેન ઈન્દુબેન તથા જેસંગપુરા શાળાના આચાર્ય દિનેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા તો પોષણ માસ કાર્યક્રમને લઈ ને પોષણ ની રંગોલી બનાવી તેમા ફ્રુટ અને શાકભાજી, કઠોરનુ મહત્વ ઉપસ્થિત ગામની મહિલાઓને સમજાવવામા આવ્યુ હતુ.

## ભિલોડા પાસે બકરાં ચરાવતી મહિલાનું મોઢું બાંધી દઈ ચાંદીનાં કડલાંની લૂંટ

**૨ અજાણ્યા ઈસમોએ પીછો કરી પુલ પાસે લૂંટને અંજામ આપ્યો: ધોળે દિવસે પગમાંથી મહિલાનાં કડલાં લૂંટતાં ચકચાર**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ભિલોડાની હાથમતી નદી નજીક પુલ પાસે બકરાં ચરાવતી મહિલા કમુબેન રમણભાઈ દેવીપૂજકનું ઓઢણીથી મોંઢું બાંધી દઈ અજાણ્યા ૨ ઈસમોએ પગમાંથી રૂા.૩૬,૦૦૦ની કિંમતનાં ચાંદીનાં કડલાંની લૂંટ કરતાં સનસનાટી મચી છે. મહિલા બકરાં માટે રોડની સાઈડમાં ઉતરી જાળીઝાંખરાંમાં પાલો કાપતી હતી જે સમયે લૂંટારૂઓએ લૂંટની ઘટનાને અંજામ આપતાં પોલીસ દોડતી થઈ છે. બનાવ અંગે ભિલોડા પોલીસે લૂંટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

જિલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ લકવાગ્રસ્ત બની હોય તે રીતે લૂંટના બનાવો શરૂ થયા છે. ભિલોડાના ગોવિંદનગર વિસ્તારમાં રહેતાં કમુબેન તા.૧૦ના રોજ ઘરેથી બકરાં લઈને ચરાવવા માટે ભિલોડાની હાથમતી નદીના પટમાં પહોંચ્યાં હતાં જ્યાં કમઠાડીયા રોડ ઉપરના પુલ પાસે પાલો લેવા માટે ગીચ જાળીમાં ઉતર્યાં હતાં તે સમયે અજાણ્યા બે ઈસમોએ તેમની પાછળ આવી તેમને ઓઢેલ ઓઢણું ખેંચી લીધું હતું અને મહિલા કંઈપણ સમજે તે અગાઉ બંન્ને ઈસમોએ ઓઢણીથી મોંઢું બાંધી દઈ પગમાંથી ચાંદીનાં કડલાંની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. વાહનોની અવર જવરથી વ્યસ્ત રહેતા પુલ નજીક અજાણ્યા લૂંટારૂઓએ ચાંદીના કડલાંની લૂંટ કરતાં આ બનાવે અનેક તર્કવિતર્ક જગાવ્યા છે. મહિલા નિયમિત રીતે નદીપટમાં બકરાં ચરાવવા માટે જતી હોવાથી કોઈ જાણભેદુઓએ નજર રાખી તક મળે કડલાંની લૂંટ ચલાવી હોવાની આશંકા વ્યક્ત થઈ છે.

### લૂંટ સ્થળની તપાસ કરાશે : પી.એસ.આઈ.

બાયડ : ભિલોડાની હાથમતી નદીના પુલ પાસે બકરાં ચરાવતી મહિલાને ૨ ઈસમોએ બંધક બનાવી પગમાંથી રૂા.૩૬,૦૦૦ની કિંમતના ચાંદીનાં કડલાંની લૂંટ કરી છે. ભિલોડા પી.એસ.આઈ., એ.એ.પટેલીયાનો સંપર્ક કરતાં ધોળે દિવસે લૂંટનો બનાવ બન્યો હોવાના કારણે હવે પોલીસ દ્વારા લૂંટ સ્થળની તપાસ કરી શંકાસ્પદ ઈસમોની પૂછપરછ કરાશે તેમ જણાવ્યું હતું.